IJCRT.ORG ISSN : 2320-2882
INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)
An International Open Access, Peer-reviewed, Refereed Journal

# “હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળામાં ચાલતી સહઅભ્યાસ પ્રવૃતિઓનો અભ્યાસ.”

**TEJAL P SINDHA**
**Asst. Professor,**
**Jay Jalaram Talimi Snatak Adhyapan Mandir**

## પ્રસ્તાવના:

શિક્ષણનો હેતુ બાળકોનો સર્વાંગીણ વિકાસ સાધવાનો છે.ગાંધીજી[1] ના શબ્દોમાં “ કેળવણી એટલે બાળકના અને મનુષ્યના શરીર, મન અને આત્માના ઉત્તમ અંશોનો આવિષ્કાર.”

સફળતાપૂર્વક અને સારી રીતે જીવન જીવવા માટે બાળકોનો દરેક ક્ષેત્રે વિકાસ થવો જરૂરી છે.માત્ર પુસ્તકમાંથી મળે તે જ જ્ઞાન મહત્વનું નથી,પરંતુ વર્ગખંડ અને વર્ગખંડની બહાર બાળકોના સર્વાંગીણ વિકાસમાં મદદરૂપ બને તે જ્ઞાન મહત્વનુ છે.બાળકોનો સર્વાંગી વિકાસ સાધવા માટે સહ-અભ્યાસિક પ્રવૃતિઓ મહત્વનો ભાગ ભજવે છે. સાંપ્રત સમયમાં સહ-અભ્યાસિક પ્રવૃતિ એ અભ્યાસક્રમનો એક ભાગ બની ગઇ છે. સહ-અભ્યાસિક પ્રવૃતિઓ દ્વારા બાળકો રમત સાથે જ્ઞાન મેળવે છે. તેથી વિદ્યાર્થીઓ પોતાની મનપસંદ પ્રવૃતિમાં ભાગ લઇ શકે અને કંટાળો અનુભવતા નથી.સહ-અભ્યાસિક પ્રવૃતિ વિદ્યાર્થીના આંતરિક પાસાને સ્પર્શે છે.જેનાથી વિદ્યાર્થીઓમાં રહેલી આંતરિક શક્તિ બહાર આવે છે. સહ-અભ્યાસિક પ્રવૃતિઓ દ્વારા બાળકોનું સામાજિક ઘડતર શક્ય બને છે અને તેમનામાં સહકારની ભાવના વિકસે છે.

પ્રવર્તમાન સ્પર્ધાત્મક યુગમાં ટકી રહેવા માટે બાળકોનો સર્વાંગીણ વિકાસ અતિ અનિવાર્ય છે. તે માટે શાળા કક્ષાએ સહ-અભ્યાસિક પ્રવૃતિઓ યોગ્ય રીતે થાય એ ખૂબ જ જરૂરી બને છે.જેથી શાળા કક્ષાએ કઇ કઇ સહ-અભ્યાસિક પ્રવૃતિ થાય છે અને તેની અસરકારક્તા કેટલી છે તે જાણી શકાય છે. આ જાણકારી માટેના હેતુસર સંશોધક દ્વારા ‘હાંસોટ તાલુકામાં પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃતિઓનો સમીક્ષાત્મક અભ્યાસ’ વિષય પસંદ કરવામાં આવેલ છે.

## સમસ્યાકથન:

સમસ્યાકથનએ અધ્યયનની ચોક્કસાઇ માટે સંશોધન અને સંશોધનના ક્ષેત્રની સીમાને નક્કી કરવા માટે વિષયને શબ્દબધ્ધ કરે છે.

## શબ્દોની પરિભાષા:

કોઈ પણ સંશોધન હાથ ધરતા પહેલા તે સંશોધનમાં ઉપયોગ થયેલ ચાવીરૂપ શબ્દો અંગેની સ્પષ્ટતા કરવી ખૂબ જરૂરી છે. જેથી સંશોધનની અસરકારકતામાં વધારો કરી શકાય છે. પ્રસ્તુત સંશોધનમાં જે શબ્દો પ્રયોજાયા છે તેના અર્થની સ્પષ્ટતા નીચે મુજબ કરવામાં આવી છે.

હાંસોટ તાલુકો

હાંસોટ તાલુકો ભરુચ જિલ્લાના ૮ તાલુકાઓ પૈકી એક તાલુકો છે. હાંસોટ એક વખત બ્રિટિશ સંસ્થાનવાડી યુગ દરમિયાન હંસાનગરી તરીકે ઓળખાતું એક નાનું ગામ હતું. ટૂંક સમયમાં તેનો એક શહેરમાં વિકાસ થયો અને હવે તે આશરે ૧૫૦૦૦ની વસ્તી ધરાવતો તાલુકો છે.

પ્રાથમિક શિક્ષણ

દેસાઇ અને શાહ (૨૦૦૦)[૨] ના મતે,

૧. પ્રાથમિક કે પાયાનું શિક્ષણ અપાતું હોય તેવી જગ્યા.

૨. વિષયો અભ્યાસક્રમો કે સંસ્થાઓની દ્રષ્ટિએ પ્રથમ ૭ વર્ષના સમયગાળાનું ઔપચારિક, સર્વસાધારણ હેતુઓવાળું શિક્ષણ.

પ્રસ્તુત સંશોધનમાં પ્રાથમિક શાળા એટલે હાંસોટ તાલુકામાં ગુજરાત સરકારે પ્રસિધ્ધ કરેલા શિક્ષણ અધિનિયમ અનુસાર ધોરણ ૧ થી ૮ સુધીના વિદ્યાર્થીઓને સરકારના ધારાધોરણ અનુસાર શિક્ષણ આપે તેવી શૈક્ષણિક સંસ્થા.

સહઅભ્યાસ પ્રવૃતિઓ

રાષ્ટ્રીય શિક્ષણ પંચ (૧૯૬૪ – ૬૬)[3] ના મતે,

"સહ-અભ્યાસિક પ્રવૃતિઓ વિદ્યાર્થીઓને માટે આત્માનુભૂતિ અને આત્મઅભિવ્યક્તિનું સાધન છે."

Robert Wilson (૨૦૧૧)[૪] ના મતે,

**"Co-curricular activities in their own form provides background to cultivate their abilities and skills and thus they motivate and prosper their learning abilities."**

પ્રસ્તુત સંશોધનમાં સહ-અભ્યાસિક પ્રવૃતિ એટલે બાળકમાં રહેલી સુષુપ્ત શક્તિના વિકાસ માટે પ્રાથમિક શિક્ષણ દરમિયાન શાળા દ્વારા યોજવામાં આવતી પ્રવૃતિઓ.

## સંશોધનનાં હેતુઓ:

કોઈ પણ સંશોધનકાર્ય શરૂ કરતાં પહેલા તેના હેતુઓ નિશ્ચિત કરવામાં આવે છે. કારણકે તેનાથી સંશોધકને પોતાના કાર્યની યોગ્ય દિશા મળે છે. હેતુવિહીન પ્રક્રિયા ખોટા માર્ગે દોરવવાળી બને છે. આથી હેતુઓ સ્પષ્ટ હોવા આવશ્યક છે. જેથી કાર્ય સરળતાથી અને ઝડપથી પૂર્ણ કરી શકાય.

પ્રસ્તુત સંશોધન સંદર્ભે નીચે મુજબનાં હેતુઓ લક્ષમાં રખાયા છે.

૧. હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળામાં ચાલતી પ્રવૃતિ અંગે જાણકારી મેળવવી.

૨. હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળામાં ચાલતી સહઅભ્યાસપ્રવૃતિનાં આયોજનની જાણકારી પ્રાપ્ત કરવી.

૩. હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળામાં ચાલતી સહઅભ્યાસ પ્રવૃતિઓ અંગે શિક્ષકો પાસેથી માહિતી મેળવવી.

૪. હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળામાં ચાલતી સહઅભ્યાસ પ્રવૃતિઓ અંગે વિદ્યાર્થીઓ પાસેથી માહિતી મેળવવી.

૫. હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળામાં ચાલતી સહઅભ્યાસ પ્રવૃતિઓની સિધ્ધિઓનો અભ્યાસ કરવો.

૬. હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળામાં ચાલતી સહઅભ્યાસ પ્રવૃતિઓથી વિદ્યાર્થી વિકાસ જાણવો.

૭. હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળામાં ચાલતી સહઅભ્યાસ પ્રવૃતિઓની મર્યાદા જાણવી.

## સંશોધનનાં પ્રશ્નો:

શૈક્ષણિક સંશોધનમાં પ્રશ્નો એ ઘણું જ મહત્વ ધરાવે છે. પ્રશ્નો વગર સંશોધનનું ખેડાણ શક્ય નથી. આથી જ પ્રશ્નોને સંશોધનની દીવાદાંડી કહેવામા આવે છે.

પ્રસ્તુત સંશોધન અંતર્ગત સંશોધક નીચે મુજબના પ્રશ્નોનાં ઉત્તર મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

૧. શાળામાં કઈ કઈ સહઅભ્યાસ પ્રવૃતિઓ કરાવવામાં આવે છે?

૨. સહઅભ્યાસ પ્રવૃતિઓનું આયોજન કેવી રીતે કરવામાં આવે છે?

૩. સહઅભ્યાસ પ્રવૃતિ અંગે શિક્ષકોના મંતવ્યો કેવા છે?

૪. સહઅભ્યાસ પ્રવૃતિ અંગે વિદ્યાર્થીઓના મંતવ્યો કેવા છે?

૫. સહઅભ્યાસ પ્રવૃતિ દ્વારા કેવી સિધ્ધી પ્રાપ્ત થાય છે?

૬. સહઅભ્યાસ પ્રવૃતિ દ્વારા બાળકોનો કયા ક્ષેત્રમાં વિકાસ થાય છે?

૭. સહઅભ્યાસ પ્રવૃતિઓની મર્યાદા કઈ છે?

## સંશોધનનું મહત્વ:

દરેક સંશોધનનું આગવું મહત્વ હોય જ છે. સંશોધનકાર્ય માનવજીવનને ભાવી વિકાસ માટે દિશા નિર્ધારણ કરવામાં મદદરૂપ બને છે. પ્રસ્તુત સંશોધનકાર્યનું મહત્વ નીચે મુજબ છે.

૧. પ્રસ્તુત સંશોધનકાર્ય વિદ્યાર્થીઓના ચારિત્ર ઘડતર તથા સામાજિક ઘડતરના વિકાસમાં મદદરૂપ બનશે.

૨. પ્રસ્તુત સંશોધનકાર્ય શિક્ષકો માટે સહ-અભ્યાસિક પ્રવૃત્તિની પસંદગી કેવી રીતે કરવી, તેનું આયોજન કેવી રીતે કરવું તે જાણવામાં મદદરૂપ બનશે.

૩. પ્રસ્તુત સંશોધનકાર્ય વિદ્યાર્થીને કેવી રીતે પ્રોત્સાહિત કરવા, પ્રવૃતિનું અમલીકરણ કેવી રીતે કરવું તે માટે શિક્ષકોને ઉપયોગી બનશે.

૪. પ્રસ્તુત સંશોધનકાર્ય સહ-અભ્યાસિક પ્રવૃતિની વર્તમાન વાસ્તવિક સ્થિતિ કેવી છે તે જાણવામાં મદદરૂપ થશે.

૫. પ્રસ્તુત સંશોધન દ્વારા શાળામાં ન થતી હોય તેવી સહ-અભ્યાસિક પ્રવૃત્તિ શોધી તેના વિકાસ અંગે વિચારવાની તક મળશે.

## સંશોધનનું સીમાંકન:

સંશોધન ક્ષેત્ર અતિ વિશાળ છે. સંશોધક અત્યંત વિનમ્રપણે સ્વીકાર કરે છે કે, પ્રસ્તુત સંશોધન સર્વથા સંપૂર્ણ નથી. જેમ સંશોધનનું મહત્વ હોય છે તેવી જ રીતે સંશોધનની મર્યાદા પણ છે.જેથી કોઇ પણ સંશોધન કરતા પહેલા તેની મર્યાદા જાણી લેવી જોઈએ.

દેસાઈ અને દેસાઈ (૧૯૯૭)[૬] સંશોધનની અગત્યતા સ્વીકારતા લખે છે કે,"કોઈ પણ સંશોધન સર્વાંગપૂર્ણ બની શકે નહિ, તેથી સંશોધનનું ક્ષેત્ર સીમિત બનાવવામાં નાનમ નથી."

સમય, શક્તિ અને નાણાકીય મર્યાદાને ધ્યાનમાં રાખીને પ્રસ્તુત સંશોધન હાથ ધરતી વખતે સંશોધકે કેટલાક સીમાંકનોનો સ્વીકાર કરવો પડશે જે નીચે મુજબ છે.

૧. પ્રસ્તુત સંશોધન માત્ર હાંસોટ તાલુકા પુરતું જ સીમિત હતું.

૨. પ્રસ્તુત સંશોધન વર્ષ ૨૦૨૦-૨૧ના પ્રાથમિક શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ પુરતું જ હતું.

૩. પ્રસ્તુત સંશોધનમાં હાંસોટ તાલુકાની નમૂનામાં સમાવિષ્ટ પ્રાથમિક શાળાઓ અને પસંદ કરાયેલ નમૂના પાત્રો જ હતા.

૪. પ્રસ્તુત સંશોધન માટે સ્વરચિત પ્રશ્નાવલી અને દસ્તાવેજી નોંધપત્રકનો જ ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## સંશોધનના તારણો:

હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળામાં ચાલતી સહઅભ્યાસ પ્રવૃત્તિ અંગેના સંશોધનના તારણો નીચે મુજબ છે.
૧. પ્રાથમિક શાળામાં ચાલતી સહઅભ્યાસ પ્રવૃત્તિઓ સંદર્ભે સંગીત, નાટ્યપ્રવૃત્તિઓ, વેશભૂષા, રાસગરબા, લોકનૃત્ય, એકપાત્રિય અભિનય જેવી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.

૨. ગાંધીજયંતી, ૧૫મી ઓગષ્ટ, ૨૬મી જાન્યુઆરી જેવા રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી દરેક શાળામાં કરવામાં આવે છે.

૩.સહભ્યાસ પ્રવૃત્તિ સંદર્ભે સફાઇ સપ્તાહ, શ્રમયજ્ઞ, વાલી સંમેલન તથા પ્રાથમિક સારવારનું આયોજન વારંવાર કરવામાં આવે છે.

૪. શારીરિક વિકાસ માટે વર્ગખંડ રમત, મેદાની રમત, વ્યાયામ તથા યોગ શિબિરનું આયોજન કરવામાં આવે છે.

૫.સહભ્યાસ પ્રવૃત્તિ સંદર્ભે વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, ચર્ચા, વાર્તાલેખન જેવી બૌદ્ધિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.

૬. વિજ્ઞાનપ્રયોગ, વિજ્ઞાનમેળા, પ્રદર્શન, વિજ્ઞાન સંગ્રહાલય, પ્રોજેકટકાર્ય જેવી પ્રવૃત્તિઓ પ્રાથમિક શાળાઓમાં યોજવામાં આવે છે.

૭. પ્રાથમિક શાળામાં ચાલતી સહભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન ઋતુઓ, તહેવારો, વિશેષદિન અને રાષ્ટ્રીય પર્વને અનુલક્ષીને કરવામાં આવે છે.

## શૈક્ષણિક સૂચિતાર્થો:

નિર્ધારિત હેતુઓના અનુસંધાને હાથ ધરવામાં આવેલ પ્રસ્તુત સંશોધનમાં તારણોના આધારે કેટલાક મહત્વના સૂચિતાર્થો દર્શાવવાનો ઉપક્રમ હતો. તેથી સંભવિત ઉકેલો માટેના સૂચનો નીચે મુજબ કરવામાં આવ્યા છે.

૧. વિધાર્થીઓ સહભ્યાસ પ્રવૃત્તિઓમાં જોડાઇ તે માટે તેમને પ્રોત્સાહિત કરવા જોઇએ.

૨. વિધાર્થીઓના સર્વાંગી વિકાસની ધ્યાનમાં રાખી સહભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઇએ.

૩. વિધાર્થીઓ માટે રસપ્રદ સહભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઇએ.

૪. ઓછા ખર્ચે વધુ સારી પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઇએ.

૫. વિધાર્થીઓ માટે જીવન ઉપયોગી પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઇએ.

૬. વિધાર્થીઓની ભાગ ન લેવાની સમસ્યા જાણી દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઇએ.

હોવાથી ધોરણ ૬થી ૮ના માત્ર ૯૦ વિધાર્થીઓ પાસેથી જ માહિતી પ્રાપ્ત થઇ છે.

## સાહિત્ય નિર્દેશ:

૧. ભગતસિંહજી,(૧૯૮૬). ભગવદ્રોમંડલ. રાજકોટ: પ્રવીણ પ્રકાશન.

૨.દેસાઇ અને શાહ,(૨૦૦૦). શૈક્ષણિક પરિભાષા અને વિભાવના. (દ્વિતીય આવૃત્તિ). અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગાંધીનગર. પૃ.-૨૧૯

૩. રાઠોડ,(૨૦૧૫). પારડી તાલુકામાં માધ્યમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનો વિવેચનાત્મક અભ્યાસ. અપ્રકાશિત એમ.એડ, લઘુશોધ નિબંધ, સુરત: વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી.